HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
December 13-16, 2022
Bombay Exhibition Center, Mumbai

NEWS 1

A TEXZONE Event
www.hghindia.com

Where business feels at home!

# મુંબઈમાં સ્વાગત છે!



**એચજીએચ ઇન્ડિયાનું કેટલાંક નવા પ્રદર્શકો, નવા ઉત્પાદનો તથા પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે સ્પ્રિંગ/સમર સિઝન માટે નવી વ્યવસાયિક તકો સાથે મુંબઈમાં પુનરાગમન થયું છે...**

ત્રણ વર્ષના અંતરાલ પછી મુંબઈમાં એચજીએચ ઇન્ડિયાની ૧૨મી એડિશનનું પુનરાગમન થયું છે, જે ગોરેગાંવના બોમ્બે એક્ઝિબિશન સેન્ટરમાં ૧૩થી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી યોજાશે. આ પ્રદર્શન તાજેતરમાં પૂર્ણ થયેલી દિવાળીની રિટેલ સિઝનને આગળ વધારવા સજ્જ છે. હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હોમ ફર્નિચર, હાઉસવેર એન્ડ ગિફ્ટ જેવી હોમ પ્રોડક્ટની કેટેગરીઓમાં રિટેલર્સ એક વાર ફરી આ આગામી



એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨માં ખરીદી માટે તેમની હાજરીની પુષ્ટિ કરી છે, જે ત્રણ વર્ષના અંતરાલ પછી મુંબઈમાં યોજાય રહ્યું છે. તાજેતરમાં પૂર્ણ થયેલી દિવાળીની સિઝન દરમિયાન મોટા ભાગના રિટેલર્સ અને વિતરકોએ સારું વેચાણ કર્યું હતું, ખાસ કરીને શ્રેષ્ઠ ગુણવત્તા, પ્રીમિયમ રેન્જનું તથા સ્પ્રિંગ/ઉનાળા ૨૦૨૩માં ગ્રાહકની માગને પૂર્ણ કરવા તેમનો સ્ટોક વધારવાની જરૂરિયાત અનુભવે છે.

સમગ્ર ભારત અને અન્ય ૩૦ દેશોમાંથી પ્રદર્શન માટે આવનાર ૪૦૦ બ્રાન્ડ અને ઉત્પાદકો વચ્ચે ૧૦૦થી વધારે નવા પ્રદર્શકો સાથે એચડીએચ ઇન્ડિયા ૨૦૨૨ સ્પ્રિંગ/સમર એડિશન હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હોમ ફર્નિચર, હાઉસવેર એન્ડ ગિફ્ટ કેટેગરીઓમાં ઘણા નવા ઉત્પાદનો પ્રસ્તુત કરવા અને નવા સપ્લાયર્સ આવવા સજ્જ છે. આ આગામી ટ્રેડ શૉની ૧૨મી એડિશન બજારની સ્થઇતિમાં વેપારી ગ્રાહકોની સ્પર્ધાત્મક વ્યૂહરચનાને વેગ પ્રદાન કરશે, જ્યાં હોમ પ્રોડક્ટ્સ માટે ગ્રાહકોની માગમાં વર્ષદીઠ ૨૦ ટકાનો વધારો થશે અને બ્રાન્ડ્સ, ઉત્પાદકો અને રિટેલર્સ – ઓનલાઇન કે ઓફલાઇન –ને ઇનોવેશનના ઊંચા દર વિના તેમના વ્યવસાયમાં ટકવું મુશ્કેલ છે.

મહામારી પછીના ગાળામાં પહેલી વાર મુંબઈમાં પુનરાગમન થયેલું એચજીએચ ઇન્ડિયા સમગ્ર ભારતમાંથી ૫૬૦ શહેરો અને નગરોમાંથી હજારો રિટેલર્સ માટે કેટલીક નવીનતા પ્રદર્શિત કરવા સજ્જ છે.

અહીં સૌપ્રથમ મુખ્ય બાબતોમાં ઇટાલિયન પેવેલિયન ઇન્ડિયા ટ્રેડ એજન્સી (આઇટીએ)ના નેજા હેઠળ ૯ પ્રદર્શકોની ભૌતિક હાજરી ધરાવશે, જેઓ હોમ ફર્નિચર, ઇન્ટેરિઅર વિભાવનાઓ અને સુશોભન માટે એક્સેસરીઝની તેમની સારી ડિઝાઇન ધરાવતી રેન્જ પ્રદર્શિત કરશે. તેમનો મુખ્ય ઉદ્દેશ વિતરકો, બ્રાન્ડ પ્રતિનિધિઓ, ફ્રેન્ચાઈઝી, આયાતકારો, આર્કિટેક્ટ્સ અને ઇન્ટેરિઅર ડિઝાઇનર્સ સ્વરૂપે ભારતમાં તેમના લાંબા ગાળાના વ્યવસાયિક પાર્ટનર્સની ઓળખ કરવાનો છે.

મોટા ભાગની હોમ પ્રોડક્ટ કેટેગરીઓમાં અગ્રણી રિટેલર્સ સાથે તાજેતરમાં પૂર્ણ થયેલી દિવાળી અને ૨૦૨૨ની તહેવારની સિઝનમાં વેચાણ ઘણું સારું રહ્યું છે. હવે તેઓ સ્પ્રિંગ/સમર ૨૦૨૩ માટે તેમના સ્ટોર્સમાં નવું કેલક્શન પ્રસ્તુત કરવા અને તેમનો સ્ટોક વધારવા આતુર છે.

### હોમ ટેક્સટાઇલ્સ અને ફર્નિશિંગ્સ

હોમ ટેક્સટાઇલ્સ અને ફર્નિશિંગ રેષા એક વાર ફરી એચજીએચ ઇન્ડિયામાં સૌથી વધુ મહત્વપૂર્ણ કેટેગરીઓ પૈકીની એક બનશે, જે હોલ 1માં જોવા મળશે. પ્રદર્શકોમાં સમગ્ર ભારતમાંથી સુસ્થાપિત


Maspar

બ્રાન્ડ્સ, નિકાસકારો, ઉત્પાદકો અને નવા પ્રવેશકો સામેલ હશે, જેઓ ફર્નિશિંગ રેષા, બેડ એન્ડ બાથ, ઓશિકાના કવર, પડદાં, બાથ મેટ અને રગ્સ, કાર્પેટ અને દરી જેવી સુશોભિત ચીજવસ્તુઓ ઓફર કરશે.

મુખ્ય પ્રદર્શકો – માસ્પર, પેન ઓવરસીઝ, ગૉવિન્સ, શારદા ટેરી (માઇક્રો કોટન), કૃષ્ના કોટેક્સ (બોનહર), કે જી ડેનિમ, માઇક્રોફાઇબર (તુર્કી), આસાદીપ, હોમ ફેબ્રિક્સ, હોમ સ્ટોરી, દેવતારા (શયન), લકાસા, લિબર્ટી ઇન્ડિયા (એનર્યા), ડોક્ટર ટૉવેલ્સ, પ્લચી, ભૈરવનાથ (કોર્ટિના), ભિક્ષુ ફેબ્રિક્સ, એલીગન્ટ વીવર્સ, બાલવિગ્ના વગેરે.

### રગ્સ અને કાર્પેટ

હાલ ગ્રાહકો ઘરોના સુશોભનમાં સ્ટાઇલ અને બારીક બાબતો પર વધારે ધ્યાન આપી રહ્યાં હોવાથી હાથથી બનેલી અને મશીનથી બનેલી રગ્સ અને કાર્પેટ (જાજમ) માટેની માગમાં વર્ષદીઠ 20 ટકાનો વધારો થઈ રહ્યો છે. હવે રિટેલર્સ આ કેટેગરીમાં સ્પેસ વધારે ફાળવી રહ્યાં છે. ભદોહી, મિર્ઝાપુર, વારાણસી, આગ્રા, પાણિપત,


Enrrya

જયપુર અને દિલ્હી જેવા મુખ્ય ઉત્પાદન કેન્દ્રોમાંથી ઉત્પાદકો આધુનિક અને પરંપરાગત જાજમોની તેમની નવી રેન્જ પ્રસ્તુત કરશે.

આ કેટેગરીમાં કેટલાંક મુખ્ય પ્રદર્શકો – કાલીન, શમ્શી એક્સપોર્ટ્સ, એશિયન રગ માર્ટ, એલીગન્ટ વીવર્સ, માસ્પર, પેન ઓવરસીઝ, એનર્યા (લિબર્ટી), રગ્સ એન્ડ હોમ, એસ નાથ ટેક્સ, એ સી કોન્સેપ્ટ્સ, હોમ ફ્લોર અને અનિલ કુમાર હેન્ડલૂમ હાઉસ.

નવીનતા ▪ ટ્રેન્ડ્સ ▪ ઉત્પાદનો ▪ સ્તોત્રો ▪ તકો

### ડેકોરેટિવ ફ્લોરિંગ

છેલ્લાં થોડાં વર્ષોમાં ટેક્નોલોજી અને સામગ્રીઓના વિકાસ સાથે ડેકોરેટિવ ફ્લોરિંગમાં કેટલાંક નવા ઉત્પાદનો પ્રસ્તુત થયા છે. એચજીએચ ઇન્ડિયા વૂડન ફ્લોરિંગ, લેમિનેટેડ ફ્લોરિંગ્સ, પીવીસી ફ્લોર્સ, કૃત્રિમ ગ્લાસ, કાર્પેટ ટાઇલ્સ, વિનાઇલ ફ્લોર્સ વગેરે જેવા આધુનિક ફ્લોર કવરિંગની બહોળી વિવિધતા પ્રસ્તુત કરશે.

એચજીએચ ઇન્ડિયામાં તમને ગ્રીનલામ (ઇન્ડિયા) અને લિએન્ડપ્રા એસ પી એ (ઇટાલી)માંથી વૂડન અને લેમિનેટેડ ફ્લોરિંગ જોવા મળી શકે છે, એટીએમ એન્ટરપ્રાઇઝીસ વિવિધ આયાતી વૂડન અને લેમિનેટેડ તથા તેની પોતાની બ્રાન્ડ નેમ, ડિઝાઇનર્સ ફ્લોરિંગ અંતર્ગત ફ્લોરિંગ્સ દર્શાવશે. મેટ્સ ફોર એન્ડ કોઇર ક્રાફ્ટ કોઇરમાંથી બનેલી ડોર મેટ્સ દર્શાવશે.



Li & Pra Spa

કેનેડિયન સ્પેશિયાલ્ટી વિનાઇલ, સપના, સાહિલ, ઇલાન, ફિન સર્ફેસીસ, એચવીટી ઇન્ટેરિઅર્સ, કમ્ફર્ટ મેટ્સ, એલન, એટર્ફ, એમ્પ્રેસ યુનિવર્સ, નોવેલ્ટી પીવીસી, ટર્ફ, સિન્થેટિક ટાઇલ્સ વગેરે જેવી સિન્થેટિક ફ્લોરિંગ્સની વેરાઇટી પ્રદર્શિત કરશે.

### વોલ્સ એન્ડ વિન્ડોઝ (દિવાલો અને બારીઓ)

એચજીએચ ઇન્ડિયા આ મહત્વપૂર્ણ હોમ ડિકોર કેટેગરીમાં આગામી સામગ્રીઓ, ડિઝાઇનો, ટેક્નોલોજી અને બજારના પ્રવાહો સમજવા રિટેલર્સ અને વિતરકોને સક્ષમ બનાવવા પહેલી વાર વિશેષ ધ્યાન અંતર્ગત વોલ્ટ એન્ડ વિન્ડોઝ લાવી છે, જેમાં માગમાં વર્ષદીઠ 15થી 20 ટકાના દરે વૃદ્ધિ જળવાઈ રહી છે. વોલ્સ એન્ડ વિન્ડોઝમાં પડદાં અને વોલ ડિકોર માટે ફર્નિશિંગ ફેબ્રિક્સ, બ્લાઇન્ડ, વોલપેપર, ડેકોરેટિવ પડદાના રોડ તથા વોલ્સ એન્ડ વિન્ડોઝ માટે સુશોભનના ઉત્પાદનો સામેલ હશે.

આ ત્રણ કેટેગરીઓમાં ઝડપથી વેચાણ થાય છે અને એટલે વોલપેપર, પડદા કે બ્લાઇન્ડ્સમાંથી કોઈ પણ એકમાં મોટા ભાગની બ્રાન્ડ કામગીરી ધરાવે છે, જેમાં અન્ય બેની સરખામણીમાં વધારે લોંચિંગ થયા છે. વિએન્ટો, નોવા, જી ડી ગુપ્તા, માર્શલ્સ, એસ સી શેઠ, ડી-વોલ, મુંશી એન્ટરપ્રાઇઝ, એક્ઝિમસ, ક્રીએટિવ ડિકોર – આ કેટેગરીમાં પ્રદર્શિત મહત્વપૂર્ણ બ્રાન્ડ્સમાં સામેલ છે.

એચજીએચ ઇન્ડિયા દ્વારા પ્રાયોજિત વોલ્સ એન્ડ વિન્ડોઝ પર વિશિષ્ટ થીમ પેવેલિયન પણ હશે, જે મુલાકાતીઓને આગામી સામગ્રીઓ અને ડિઝાઇનના પ્રવાહોમાં ઉપયોગી જાણકારી આપશે.

### ટેબલવેર

ટેબલવેર સેગમેન્ટ અગાઉ કરતાં અત્યારે ડિઝાઇન અને સામગ્રીઓમાં વધારે નવીનતાઓ જુએ છે. સ્ટેઇનલેસ સ્ટીલથી લઈને સિરામ, બોન ચાઇના, ગ્લાસ મેલામાઇન, વૂડ....એચજીએચ ઇન્ડિયામાં પ્રદર્શકો ડિનરવેર, સર્વવેર, કોકટેલ અને બાર એક્સેસરીઝ, ગ્લાસવેર, કટલરી, સર્વવેર, પ્લેટર્સ, ટેબલ લિનેન, પ્લેસમેટ્સ અને ટેબલ



ડેકોરેશન્સમાં બહોળી વિવિધતા ઓફર કરશે.બજારના તમામ સેગમેન્ટ – લક્ઝરી, પ્રીમિયમ, વેલ્યુ ટૂ માસ માટે વિવિધ ગુણવત્તા અને કિંમતો પર નોરિટેક, ડ્યુરાલેક્સ, ડંકાટુવા, રોક્સ, લ્યુમિનાર્ક, એડબલ્યુકે, સંજીવ કપૂર, શેપ્સ, રાજલક્ષ્મી, ડીસી સિરામિક્સ, સુપરવેર, જગદંબા ગ્લાસ, અપાર, શ્રી એન્ડ સેમ, નેચરલ્યોર્સ, મેક્સ ફ્રેશ સ્ટેહલેન જેવી વિવિધ બ્રાન્ડ તેમની લેટેસ્ટ રેન્જ પ્રદર્શિત કરશે.

### સ્ટોરેજ એન્ડ પ્લાસ્ટિક્સ

ઉપભોક્તાઓ સ્ટોરેજ એન્ડ પ્લાસ્ટિક્સ કેટેગરીમાં ડિઝાઇન, કામગીરી અને જીવનશૈલીનો સમન્વય ઇચ્છે છે, જે એક વાર ફક્ત મૂળભૂત જરૂરિયાત ગણાતી હતી, જેના પર રિટેલર્સ અને ઉત્પાદકો ઓછું ધ્યાન આપતા હતા. માગની પેટર્ન ઝડપથી બ્રાન્ડેડ અને પ્રીમિયમ ઉત્પાદનો તરફ વળી હોવાથી આ કેટેગરીમાં ડિઝાઇનો અને સામગ્રીઓમાં ઘણી નવીનતા જોવા મળશે.

પ્રદર્શનોમાં પ્લાસ્ટિક સ્ટોરેજની ચીજવસ્તુઓ, લંચ બોક્સ, ઇન્સ્યુલેટેડ બોટલ્સ, સ્ટીલ બોટલ્સ, કેસરોલ્સ, ફ્લાસ્ક, ઓર્ગેનાઇઝર્સ, લોન્ડ્રી બેગ્સ, કન્ટેઇનર્સ, જનરલ સ્ટોરેજ અને હાઉસવેર ઉત્પાદનો સામેલ હશે. નોનોબોટ, ફાલ્કન, નીયો પ્લાસ્ટ, લેવન્ટો અને સ્ટીલો જેવા નિયમિત પ્રદર્શકો તેમનું નવું કલેક્શન પ્રદર્શિત કરશે. ઉપરાંત એચજીએચ ઇન્ડિયાની આ એડિશનમાં પહેલી વાર સામેલ થનાર પ્રદર્શકો ઉત્પાદનના નવા વિચારોની દ્રષ્ટિએ ગ્રાહકો માટે સારી ખાતરી ધરાવે છે. સ્ટોરેજ એન્ડ પ્લાસ્ટિક કેટેગરીઓમાં પહેલી વાર સામેલ થનાર કેટલાંક પ્રદર્શકોમાં મોડવેર, વી-બોટ્ટ, ટાઇગર, તિસ્તાબેન, હાર્બર ટ્રેન્ડ્સ, એટ્રો, લોફ્રા, બેસિક અને લ્યુફ્રોન સામેલ છે.

### કૂકવેર એન્ડ કિચન એપ્લાયન્સિસ

એચજીએચ ઇન્ડિયામાં પહેલી વાર પ્રદર્શક તરીકે સામેલ થનારી ઘણી બ્રાન્ડોમાંથી કેટલીક સુસ્થાપિત આંતરરાષ્ટ્રીય અને ભારતીય બ્રાન્ડ્સ ડિઝાઇનો, ઉત્પાદનની સંવર્ધિત ખાસિયતો અને તમામ કિંમતોમાં સંવર્ધિત ગુણવત્તામાં તેમની નવીનતાઓ પ્રદર્શિત કરશે. રિટેલર્સ અને પ્રાદેશિક વિતરકો માટે આ સેગમેન્ટમાં અગ્રણી કંપનીઓમાં નિર્ણય લેનાર વરિષ્ઠ અધિકારીઓ સાથે સંવાદ કરવાની તક આપશે. પ્રદર્શકો યુવાન ભારતીય ઉપભોક્તાઓની જીવનશૈલીને અનુરૂપ પર્યાવરણને અનુકૂળ, ઊર્જાની બચત કરતાં અને સ્વસ્થ



U-Cook

ભોજનના ઉપકરણો ઓફર કરશે. કૂકવેર એન્ડ કિચન એપ્લાયન્સિસમાં નવીનતાઓના પાસાંઓમાં પર્યાવરણલક્ષી અનુકૂળતાઓ ઉપરાંત અદ્યતન ટેક્નોલોજી, ફેશન કલર્સ, સલામત સામગ્રીઓ, સ્માર્ટ કામગીરીઓ અને સુવિધાઓ સામેલ હશે. બ્રાન્ડ્સ સોલર કૂકર, ચમકદાર કલર ધરાવતા ફૂડ પ્રોસેસર્સ, પોષક દ્રવ્યોને જાળવતા જ્યુશર્સ અને સ્વાસ્થ્ય માટે સલામત આવરણો ધરાવતા કૂકવેર ઓફર કરવા એકબીજાની સ્પર્ધા કરે છે. મુલાકાતીઓ એચજીએચ ઇન્ડિયાની ૧૨મી એડિશનમાં આ ઉત્પાદનોમાંથી ઘણા જોઈ શકશે.

વન્ડરશેફ, ગ્લેન, આલ્ડા, હૉકિન્સ, યુ-કૂક, યુનાઇટેડ એકતા, નોલ્ટા, રોક્સ, એમપી, રોકા, વિકાસ, રાજલક્ષ્મી, શ્રી એન્ડ સેમ, જગદંબા જેવી કેટલીક અગ્રણી બ્રાન્ડ્સ કૂકવેર અને કિચન ઉપકરણોની તેમની લેટેસ્ટ રેન્જ પ્રદર્શિત કરશે.

### હોમ ડિકોરઃ સમયની સાથે પરિવર્તન

એક કેટેગરી તરીકે હોમ ડિકોરે સામગ્રીઓ, ઉપભોક્તા પસંદગીઓ અને જીવનશૈલીઓમાં સતત પરિવર્તનને સ્વીકારવાનું ચાલુ રાખ્યું છે. આ એચજીએચ ઇન્ડિયાની આગામી એડિશનમાં ફરી એક વાર જોવા મળશે.

ઉપભોક્તાઓ ઘરે વધારે સમય પસાર કરતાં હોવાથી તેઓ તેમના ઘરોના ડેકોરમાં પરિવર્તન કરીને તેમના જીવંત વાતાવરણને સતત બદલવા ઇચ્છે છે – પછી એ તેમના ઘર હોય, તેમની દિવાલો હોય, તેમના ફ્લોર, સીલિંગ કે ટેબલ્સ હોય. હવે આ કેટેગરી તેમના ઘરોને નવું, સુંદર, આનંદદાયક અને અસરકારક કામગીરી માટે સજ્જ રાખવા ઇચ્છતાં લોકો માટે શોખ બની ગઈ છે. રિટેલર્સ દ્વારા તમામ કેટેગરીઓમાં હોમ ડેકોરને મોટી



નવી તક તરીકે પણ ગણવામાં આવે છે, જ્યાં ચીજવસ્તુઓને તેમના સ્ટોરની પ્રોફાઇલ ઝડપથી બદલવા અને ગ્રાહકને શ્રેષ્ઠ અનુભવ આપવા ઉમેરી શકાશે. એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ ઘણી નવી આંતરરાષ્ટ્રીય ઉત્પાદન ઓફરને પ્રતિબિંબિત કરશે. હસ્તકળાઓથી લઈને આધુનિક સુશોભનની ચીજવસ્તુઓ સુધી કળાત્મક ચીજવસ્તુઓથી લઈને નાની મૂર્તિઓ, એરોમા, મીણબત્તીઓ અને ફ્રેગ્રન્સ, ટેબલ ડેકોરેશનથી લઈને ડેકોરેટિવ લાઇટ સુધી....આ રેન્જ બહોળી હશે. ડેકોરેટિવ ગ્લાસવેર, કળાત્મક ચીજવસ્તુઓ, મૂર્તિઓ અને ડેકોરેટિવ એક્સેસરીઝની અતિ નવી ડિઝાઇનર રેન્જ આઇટીએ આયોજિત ઇટાલિયન નેશનલ પેવેલિયનમાં ઘણા ઇટાલિયન પ્રદર્શકો દ્વારા પહેલી વાર પ્રદર્શિત થશે. ઉપરાંત તેઓ ડિજિટલ વોલપેપર, લેમિનેટેડ ફ્લોર કવરિંગ્સ, ચેર અને હોમ ફર્નિચર પણ પ્રદર્શિત કરશે. ઘરના મોરચે વેપારી ગ્રાહકો મોરાદાબાદ, ફિરોઝાબાદ, સહરાનપુર, ખુર્જા, જયપુર, જોધપુર, આગ્રા, દિલ્હી, રાંચી, રાજકોટ અને સમગ્ર ભારતમાંથી અન્ય કેટલાંક ઉત્પાદન કેન્દ્રોમાંથી બહોળી રેન્જ જોઈ શકે છે. વળી કેટલાંક ઉત્પાદકો અને આયાતકારો ભારત, ચીન, યુરોપ, જાપાન, થાઇલેન્ડ, વિયેતનામ વગેરેમાંથી આધુનિક સુશોભનના ઉત્પાદનો, ફ્લોરિંગ્સ અને સામગ્રીઓ પ્રદર્શિત કરશે.

ભારતમાં 4થા સૌથી મોટા ફર્નિચર એન્ડ ફર્નિશિંગ સપ્લાયર

# ઇટાલીનું ૯ નવા પ્રદર્શકો સાથે પુનરાગમન

નવી દિલ્હીમાં ઇટાલિયન ટ્રેડ કમિશને એચજીએચ ઇન્ડિયાની ૧૨મી એડિશનમાં એની ભાગદારી સાથે પુનરાગમન કર્યું છે. ડિસેમ્બર, ૨૦૨૧માં જ્યારે દુનિયા કોવિડ-૧૯ મહામારીની અસરમાંથી હજુ બહાર આવી રહી હતી, ત્યારે ગ્રેટર નોઇડામાં ૧૦મા એચજીએચ ઇન્ડિયામાં આંતરરાષ્ટ્રીય સહભાગીતા સાથે મહામારી પછીની દુનિયામાં ઇટાલી પ્રથમ દેશ હતો. નવી દિલ્હીમાં ઇટાલિયન ટ્રેડ એજન્સીના ટ્રેડ કમિશનર/ડિરેક્ટર શ્રી એલેસ્સાન્ડ્રો લિબરેટોરીએ કહ્યું કે, "ડિસેમ્બર, ૨૦૨૧માં અમારી ભાગીદારી ૬ ઇટાલિયન કંપનીઓના કેટાલોગ ડિસ્પ્લે સ્વરૂપે હતી, જે ૧૮ ચોરસ મીટરની જ જગ્યા ધરાવે છે. આ વર્ષે અમે ૧૩૭ ચોરસ મીટર વિસ્તારને આવરી લીધો છે, જે ૯ ઇટાલિયન કંપનીઓમાંથી ભાગીદારી સાથે ઇટાલિયન પેવેલિયન ધરાવે છે. એટલે અમે અમારી ભાગીદારી અને સંપૂર્ણ ભારતીય બજારના સંબંધમાં અતિ આશાવાદી છીએ."



**એલેસ્સાન્દ્રો લિબરેટોરી**
*ટ્રેડ કમિશનર / ડિરેક્ટર, ઇટાલિયન ટ્રેડ એજન્સી – નવી દિલ્હી કોઓર્ડિનેટર – ભારત, બાંગ્લાદેશ, શ્રીલંકા*

મોટા ભાગની પ્રદર્શક ઇટાલિયન કંપનીઓ માટે આ ભારતમાં તેમનો પ્રથમ અનુભવ હશે અને તેઓ ભારતીય બજારને લઈને અતિ આશાવાદી છે. તેમની પ્રથમ ભાગીદારી માટે તેઓ ભારતીય આયાતકારો/વિતરકો, રિટેલર્સ, ઇન્ટેરિઅર ડિઝાઇનરો અને આર્કિટેક્ટ તથા સંભવિત વ્યવસાયિક ભાગીદારો સાથે સંચાર શરૂ કરવાની ઇચ્છા ધરાવે છે, જેઓ ભારતીય બજારમાં તેમને ટેકો આપી શકે છે.

**ભારત-ઇટાલિયન વ્યવસાયિક ભાગીદારીઓ માટે તકો**

આપણે જે યુગમાં જીવી રહ્યાં છીએ તેની સાથે અને તેમની સતત બદલાતી ડિઝાઇનો સાથે તાલમેળ જાળવવા માટે ઇટાલિયન કંપનીઓ સંશોધન અને નવીનતા માટે જાણીતી છે, જે અત્યાધુનિક ટેકનોલોજીકલ પ્રક્રિયાઓ દ્વારા પૂર્ણ થાય છે. "મેડ ઇન ઇટાલી" સુંદરતા, ગુણવત્તા, આકર્ષકતા અને કારીગરીનો પર્યાય છે, જેને પ્રવાસી ભારતીય ગ્રાહકો ખરીદવા ઇચ્છે છે. ઇટાલિયન કંપનીઓ ડિઝાઇનમાં તેમની કુશળતા સાથે તેમના ભારતીય ભાગીદારોને ભારતીય ગ્રાહકોની આ જરૂરિયાતો પૂરી કરી શકશે. એટલે ભારતીય પુનઃવિક્રેતાઓ અને ઇટાલિયન ઉત્પાદકો માટે ઘણી સામાન્ય તકો છે.

ઘણા વર્ષોથી ઇટાલી ફર્નિચર એન્ડ ફર્નિશિંગ્સ માટે ભારતનો ચોથો સૌથી મોટો સપ્લાયર દેશ છે. જાન્યુઆરીથી ઓગસ્ટ, ૨૦૨૨ સુધીના ગાળા માટે ભારતે € 46.5 મિલિયનના મૂલ્યનું ફર્નિચર આયાત કર્યું છે, જેમાં અગાઉના વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૨૪.૭ ટકાનો વધારો થયો છે.

મહામારી વચ્ચે પણ ભારત દુનિયામાં સૌથી વધુ મજબૂત અને સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતા અર્થતંત્રો પૈકીનું એક રહ્યું છે અને ઇટાલિયન કંપનીઓ આ હકીકતથી વાકેફ છે. વૈશ્વિક પુરવઠાની સાંકળોમાં અનિશ્ચિતતાઓ સાથે ઇટાલી એની ટેકનોલોજી કુશળતા સાથે હંમેશા ભારત સરકાર અને ઉદ્યોગને ભારતને ઉત્પાદનકેન્દ્ર બનાવવાના એના વિઝનને સાકાર કરવા હંમેશા ટેકો આપે છે, ખાસ કરીને દુનિયા વૈશ્વિક પુરવઠાની સાંકળોમાં પરિવર્તન કરવા આતુર છે ત્યારે.

**આઇટીએ અને એની ભૂમિકા**

ઇટાલિયન ટ્રેડ એજન્સી સરકારી સંસ્થા છે, જે વિદેશમાં ઇટાલિયન કંપનીઓના વ્યવસાયિક વિકાસને ટેકો આપે છે અને તેમના આંતરરાષ્ટ્રીયકરણમાં મદદરૂપ થાય છે.

પ્રોત્સાહિત અને આધુનિક સંસ્થા તથા ૬૫ દેશોમાં ૭૯ વિદેશી ઓફિસોના બહોળા નેટવર્ક સાથે આઇટીએ ઇટાલીના નાનાં અને મધ્યમ કદના વ્યવસાયોને માહિતી, સહાય, સલાહ, પ્રોત્સાહન અને તાલીમ પ્રદાન કરે છે. અતિ આધુનિક મલ્ટિ-ચેનલ પ્રમોશન અને કમ્યુનિકેશન સાધનોનો ઉપયોગ કરીને આ દુનિયામાં મેડ ઇન ઇટાલીની ઉત્કૃષ્ટતા પર ભાર મૂકવાનું કામ કરે છે.

એટલે એચજીએચ ૨૦૨૨માં નેશનલ પેવેલિયન ધરાવીને પોતાની વર્તમાન ભાગીદારી દ્વારા એનો ઇરાદો 'મેડ ઇન ઇટાલી' તરીકે પ્રસિદ્ધ એની બહોળી રેન્જ ભારતીય બજારમાં રજૂ કરવાનો છે.

ઇટાલિયન નેશનલ પેવેલિયનમાં સહભાગી ઇટાલિયન કંપનીઓ છે (ઉલ્લેખ કરેલી નીચેની કંપનીઓના ઉત્પાદનની ઇમેજ મૂકો):



એ કાસા કે એસ એ એસ



બ્રુનેલ એસ આર એલ પ્રોફિયોસી દા'ટોર



સેવન સેડી રિપ્રોડક્શન્સ એસઆરએલ



ઝેનેટ્ટી મુરાનો એસઆરએલ



લીમ એસઆરએલ



સ્ટ્ટ્સ એસઆરએલ



સેસર ફેરારી ગ્રૂપ



લિ એન્ડ પ્રા એસપીએ



ગ્રાસી પિયત્રે એસઆરએલ

## વિઝિટર પ્રોફાઇલ

સમગ્ર ભારતમાંથી ૫૦૦થી વધારે શહેરો અને નગરોમાંથી હજારો પૂર્વનોંધણીઓ એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨, ઓટોમન/વિન્ટર એડિશનની મુલાકાત લેનાર રિટેલર્સ અને વેપારી ગ્રાહકો વચ્ચે ઊંચો રસ દર્શાવે છે, જેનું આયોજન ૧૩થી ૧૬ ડિસેમ્બર સુધી બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ પૂર્વ, મુંબઈમાં થઈ રહ્યું છે. આ મુલાકાતીઓમાં રિટેલર્સ, વિતરકો, આયાતકારો, નિકાસકારો, હોલસેલર્સ, એજન્ટ, લાર્જ ફોર્મેટ સ્ટોર્સ, સંસ્થાગત ગ્રાહકો, આર્કિટેક્ટ્સ, ઇન્ટેરિઅર ડિઝાઇનર્સ અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સામેલ છે. ૯૦ ટકા મુલાકાતીઓ તેમની કંપનીઓમાં ખરીદી અને વ્યવસાય માટે વરિષ્ઠ નિર્ણયકર્તાઓ છે. તેમનો ઉદ્દેશ તહેવારની આગામી સિઝન માટે ખરીદી કરવાનો, નવીન ઉત્પાદનો શોધવાનો, નવા વ્યવસાયિક વિચારો મેળવવાનો અને ૨૦૨૨/૨૩ માટે આગામી ફેશન પ્રવાહો ઓળખવાનો તથા બજાર અને ઉદ્યોગની દિશાઓમાં ઉપયોગી જાણકારીઓ મેળવવાનો છે, જે તેમને તેમના વ્યવસાયને વધારવા તેમની યોજનાઓ બનાવવામાં મદદરૂપ થશે. એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ તેમના નિયમિત સપ્લાયર્સને મળવાની અને નવા સ્તોત્રો સાથે જોડાવાની સારામાં સારી તક પણ પૂરી પાડશે.

ચાલુ વર્ષે મુલાકાતીની નોંધણીઓ ભારતના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી થઈ છે. દિલ્હી, મુંબઈ, બેંગાલુરુ, ચેન્નાઈ, કોલકાતા જેવા મેટ્રો અને મહાનગરો ઉપરાંત અમદાવાદ, હૈદરાબાદ, પૂણે, નાગપુર, લુધિયાણા, જયપુર, ચંદીગઢ અને ઇન્દોરમાંથી નોંધણી થઈ છે. તમામ રાજ્યોની રાજધાનીઓ તથા ટિઅર ૨ અને ૩ શહેરો અને નગરોમાંથી મોટી સંખ્યામાં રિટેલર્સ નોંધણી કરી છે, જે સ્પષ્ટપણે ભારતીય હોમ પ્રોડક્ટ્સની વધતી પહોંચને અને સમગ્ર દેશમાં એચજીએચ ઇન્ડિયામાં મુલાકાતીઓના વધારે પ્રવાહને પ્રતિબિંબિત કરે છે.

૨૪ દેશોમાંથી ૨૦૦થી વધારે આંતર-રાષ્ટ્રીય મુલાકાતીઓએ પણ નોંધણી કરી છે, જે મુખ્યત્વે વિકાસશીલ દેશોમાંથી છે, જેનાથી એચજીએચ ઇન્ડિયા એના પ્રદર્શકો માટે નિકાસ બજારની સારી તક બની ગયું છે.

### એચજીએચ ઇન્ડિયા 2022

મુલાકાતીઓ માટે સમય

13મી જુલાઈ : સવારે 09.00 – સાંજના 06.30

14મી જુલાઈ : સવારે 09.00 – સાંજના 06.30

15મી જુલાઈ : સવારે 09.00 – સાંજના 06.30

16મી જુલાઈ : સવારે 09.00 – સાંજના 05.00

HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

December 13-16, 2022
BOMBAY EXHIBITION CENTRE, MUMBAI

## વેપારી મુલાકાતીઓ!

## ૫ ડિસેમ્બર, ૨૦૨૨ સુધી ઓનલાઇન નોંધણી કરાવે અત્યારે ફ્રીમાં પૂર્વનોંધણી કરાવો અને રૂ. ૧,૦૦૦/- ની એન્ટ્રી ફી બચાવો

એચજીએચ ઇન્ડિયા 2022 13થી 16 ડિસેમ્બર, 2022 સુધી નેસ્કો, મુંબઈમાં યોજાઈ રહ્યો છે. 500થી વધારે બ્રાન્ડ અને ઉત્પાદકોના નવીન અને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પર એક નજર નાંખો... 2022/23 માટે અંદાજિત ફેશન અને જીવનશૈલી પ્રવાહોથી પ્રેરિત. તમારા સ્પર્ધકો કરે એ અગાઉ તમે ખરીદી કરો.

પૂર્વનોંધણી કરાવનાર તમામ મુલાકાતીઓએ એચજીએચ ઇન્ડિયા 2022માં પ્રી-રજિસ્ટર્ડ વિઝિટર્સ ડેસ્ક પર જવું પડશે અને તેમનો ક્યુઆર કોડ સ્કેન કરાવીને કે એચજીએચ ઇન્ડિયા ટીમ પાસેથી એસએમએસ અને ઇમેલ દ્વારા પ્રાપ્ત રેફરન્સ નંબર એન્ટર કરીને નિઃશુલ્ક ધોરણે તેમનું એન્ટ્રી કાર્ડ પ્રિન્ટ કરાવવું પડશે.

પૂર્વનોંધણી વિના સ્થળ પર આવનાર તમામ મુલાકાતીઓને મુલાકાતીદીઠ રૂ. 1,000/-ની સ્પોટ વિઝિટર રજિસ્ટ્રેશન ફી ચુકવવી પડશે, જે રોકડ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ કે પેટીએમ દ્વારા ચુકવી શકાશે.

પ્રદર્શન પર ઉત્પાદનો




**હોમ ટેક્સટાઇલ્સ** ફર્નિશિંગ ફેબ્રિક્સ, કર્ટેઇન્સ એન્ડ બ્લાઇન્ડ્સ, બેડ લિનેન, ડેકોરેટિવ મેડ-અપ્સ, મેટ્રેસ્સીસ એન્ડ પિલો, કાર્પેટ, બાથ લિનેન, ટેબલ એન્ડ કિચન લિનેન. **હોમ ડિકોર** સીલિંગ વોલ્સ, વિન્ડોઝ, ફ્લોર કવરિંગ્સ, ટેબલ ટોપ્સ, ડેકોરેટિવ એક્સેસરીઝ, લાઇફસ્ટાઇલ્સ. **હોમ ફર્નિચર** કોફી ટેબલ્સ, મેગેઝિન રેક્સ, વોલ સેપરેટર્સ, બીન બેગ્સ, સિંગલ ચેર્સ, રેક્સ એન્ડ ટ્રોલીઝ, એક્સન્ટ ફર્નિચર, સોફા, બેડ સેટ, અલમારી, બેબી એન્ડ કિડ્સ ફર્નિચર, આઉટડોર ફર્નિચર. **ગિફ્ટ** કોર્પોરેટ, પર્સનલ એન્ડ ફેસ્ટિવ. **હાઉસવેર** કિચન એપ્લાયન્સિસ, કિચનવેર, કૂકવેર, ટેબલવેર, બાથરૂમ, મેઇન્ટેનન્સ, ક્લીનિંગ, સ્ટોરેજ, આઉટડોર. **સર્વિસીસ.**

### વિશિષ્ટ ફાયદા મેળવો

- એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨માં મફત પ્રવેશ.
- પૂર્વનોંધણી કરાવતા મુલાકાતી તરીકે સ્થળ પર તમારી બેજ મેળવવામાં સમય બચાવો. તમે તમારી ઓનલાઇન નોંધણી પછી તમને મોકલવામાં આવેલા નોંધણી પૂર્વેના ક્યુઆર કોડ સાથે તમારી બેજ સીધી પ્રિન્ટ કરી શકો.
- એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ કેટાલોગની એક ફ્રી કોપી.
- એચજીએચ ઇન્ડિયાની પૂરક હોટ લોન્જ, ફૂટ લોન્જ, ફૂટ સ્પા લોન્જ, વિઝિટર્સ લોન્જ, શટલ બસ સર્વિસ અને બોનાફાઇડ વિઝિટર્સ માટે અન્ય સુવિધાઓનો ઉપયોગ.

*આ ફાયદાઓનો લાભ લેવા અને સ્પોટ રજિસ્ટ્રેશન ફી બચાવવા તમારે 5 ડિસેમ્બર, 2022 અગાઉ ઓનલાઇન નોંધણી અમારી વેબસાઇટ www.hghindia.com કરાવવી પડશે.*

### નોંધણી કરાવેલા મુલાકાતી માટે નિઃશુલ્ક માર્ગદર્શિકાઓ

- નિઃશુલ્ક પ્રવેશ માટે ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન ફરજિયાત છે. ઓનલાઇન નોંધણી ન કરાવેલી હોય તેવા તમામ મુલાકાતીઓને ટ્રેડ શોમાં પ્રવેશ માટે રૂ. ૧,૦૦૦/-ની સ્પોટ રજિસ્ટ્રેશન ફી ચુકવવી પડશે.
- પ્રદર્શકો કે આયોજક પાસેથી પ્રાપ્ત કોઈ પણ ઇન્વિટેશન કાર્ડ ટ્રેડ શૉના સ્થળ પર ફ્રી સ્પોટ રજિસ્ટ્રેશન માટે તમને અધિકાર આપતું નથી.
- ઓનલાઇન વિઝિટર નોંધણી માટે છેલ્લી તારીખ: ૫ ડિસેમ્બર, ૨૦૨૨

#### નિયમિત મુલાકાતી માટે ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન સાથે ફ્રી એન્ટ્રી માટે વિવિધ સ્ટેપ:

૧. www.hghindia.com પર હોમ પેજ કે વિઝિટર્સ મેનુ પર "વિઝિટર રજિસ્ટ્રેશન" પર ક્લિક કરો.
૨. તમારો રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી એન્ટર કરો.
૩. સેન્ડ ઓટીપી પર ક્લિક કરો
૪. તમારા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી પર પ્રાપ્ત ઓટીપી એન્ટર કરો
૫. તમારું પ્રી-ફિલ્ડ ફોર્મ ખુલશે. ફોર્મમાં વિગત ચકાસો (નામ, સરનામું, ટેલીફોન, મોબાઇલ નંબર અને ઇમેલ આઇડી)
૬. ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન ફોર્મ પૂરું ભરો
૭. ઇમેલ અને એસએમએસ મારફતે તમારો વિઝિટર રજિસ્ટ્રેશન નંબર અને ક્યુઆર કોડ મેળવો, જે તમારા રજિસ્ટ્રેશનની પુષ્ટિ કરશે
૮. ટ્રેડ શોમાં તમારો રજિસ્ટ્રેશન નંબર કે ક્યુઆર કોડ તમારા મોબાઇલ પર કે પ્રિન્ટ ફોર્મેટમાં લઈ જાવ
૯. તમારી બેજ પ્રિન્ટ કરાવવા એચજીએચ ઇન્ડિયા 2022ના હોલ 1 અને હોલ 3 પર પ્રી-રજિસ્ટર્ડ વિઝિટર્સ ડેસ્ક પર તમારો રજિસ્ટ્રેશન નંબર રજૂ કરો અથવા તમારો ક્યુઆર કોડ સ્કેન કરો.

#### નવા મુલાકાતી માટે ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન સાથે ફ્રી એન્ટ્રી માટે સ્ટેપ:

૧. www.hghindia.com પર હોમ પેજ કે વિઝિટર્સ મેનુ પર "વિઝિટર રજિસ્ટ્રેશન" પર ક્લિક કરો.
૨. તમારો રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી એન્ટર કરો તથા સેન્ડ ઓટીપી પર ક્લિક કરો
૩. અહીં નવા વિઝિટર તરીકે ક્લિક કરો
૪. તમારો મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી એન્ટર કરો તથા સેન્ડ ઓટીપી પર ક્લિક કરો
૫. તમારા રજિસ્ટર્ડ મોબાઇલ નંબર કે ઇમેલ આઇડી પર પ્રાપ્ત ઓટીપી એન્ટર કરો
૬. ઓનલાઇન વિઝિટર રજિસ્ટ્રેશન ફોર્મ પૂરું ભરો
૭. ઇમેલ અને એસએમએસ મારફતે તમારો વિઝિટર રજિસ્ટ્રેશન નંબર અને ક્યુઆર કોડ મેળવો, જે તમારા રજિસ્ટ્રેશનની પુષ્ટિ કરશે
૮. ટ્રેડ શોમાં તમારો રજિસ્ટ્રેશન નંબર કે ક્યુઆર કોડ તમારા મોબાઇલ પર કે પ્રિન્ટ ફોર્મેટમાં લઈ જાવ
૯. તમારી બેજ પ્રિન્ટ કરાવવા એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ના હોલ ૧ અને હોલ ૩ પર પ્રી-રજિસ્ટર્ડ વિઝિટર્સ ડેસ્ક પર તમારો રજિસ્ટ્રેશન નંબર રજૂ કરો અથવા તમારો ક્યુઆર કોડ સ્કેન કરો.

### મહત્વપૂર્ણ નોંધ

૧. એન્ટ્રી બેજ એચજીએચ ઇન્ડિયામાં ફ્રી એન્ટ્રી માટે તમારો અંગત અધિકાર છે તથા સંપૂર્ણપણે હસ્તાંતરિત ન કરી શકાય એવો છે
૨. જો તમે અગાઉના વર્ષોમાં એચજીએચ ઇન્ડિયાના રજિસ્ટર્ડ મુલાકાતી છો, તો આયોજકો પાસેથી તમારો રેફરન્સ નંબર મેળવો અને એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨ માટે તમારું ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવા રિન્યૂ કરવા માટે એનો ઉપયોગ કરો
૩. એચજીએચ ઇન્ડિયા ૨૦૨૨માં ફ્રી એન્ટ્રી માટે, અગાઉના તમામ મુલાકાતીઓ દ્વારા રજિસ્ટ્રેશનનું રિન્યૂઅલ ફરજિયાત છે. જો રિન્યૂ ન કરાવી હોય, તો સ્પોટ રજિસ્ટ્રેશન ફી રૂ. ૧,૦૦૦/- ચુકવવી પડશે
૪. એચજીએચ ઇન્ડિયા સંપૂર્ણપણે ટ્રેડ શૉ છે. એટલે ઉપભોક્તાઓને પ્રવેશ આપવામાં આવતો નથી. રિટેલ ખરીદીની મંજૂરી નથી. જો તમે રિટેલ ખરીદી કરતાં જણાશો, તો તમે મુલાકાતી તરીકે ગેરલાયક ઠરી શકો છો
૫. ૧૫ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકોને પ્રવેશ નહીં મળે.
૬. આયોજકો કોઈ પણ મુલાકાતીને પ્રવેશ આપવાનો ઇનકાર કરવાનો અધિકાર ધરાવે છે, જે તેમના વિવેકાધિન છે

**વધારે સહાય અને પ્રશ્નો માટે કૃપા કરીને સંપર્ક કરો**

શ્રી અમર શર્મા: +91 99 676 00286 / શ્રી એલકા અન્સારી: +91 99 301 72973 ઇમેલ: visitors@hghindia.com

**www.hghindia.com**

**રજિસ્ટ્રેશન માટે: www.hghindia.com મુંબઈ: ટેલીફોન. +91 (22) 2421 4111, દિલ્હી: ટેલીફોન. +91 (11) 2571 4111 ઇમેલ: visitors@hghindia.com**